રજુ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૩/૦૪/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૧ ૦૪

**આંક– ૬**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૪૬/૨૦૨૬**

---

**અરજદાર – વિપુલભાઇ ઇશ્વરભાઇ ઉર્ફે ઇસાભાઇ કાનાણી,**
ઉ.વ.આ.૧૯, ધંધો–અભ્યાસ/મજુરી,
રહે. મુ. ભુતીયા જુનાગામ, મઢુલીવાળી શેરી,
તા.શિહોર, જી.ભાવનગર.
કાયમી રહે. મું. મીંગલપુર, તા.ધંધુકા, જી.અમદાવાદ.
હાલ–જયુડીશ્યલ કસ્ટડી, જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વી.બી.ગોહેલ.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

---

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તર્ફે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૬૦૦૪૬/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

**(૨)** સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે

હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. બદનક્ષી થાય તેવા કોઇ ફોટા નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલી છે અને તેમના પરિવારમાં તેઓ એક માત્ર કમાનાર વ્યકિત છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદાર/આરોપી કોઈ ગુનહાહિત ભુતકાળ ધરાવતા નથી. જો અરજદાર/આરોપીને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૬૪(૨)(એમ), ૩૫૧(૨) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાક્ષીઓને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે. તેમજ ટ્રાયલ સમયે અરજદાર/આરોપીની હાજરી શકય જણાતી નથી. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૬ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૬૪(૨)(એમ), ૩૫૧(૨)

મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ ભોગ બનનાર/ફરિયાદી સાથે મિત્રતા કરી, ફરિયાદી અને અરજદાર/આરોપી બંન્ને બાજુમાં ઉભેલા હોય તેવા ફોટાઓ પાડી, ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી, અવાર–નવાર બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા હાલની જામીન અરજીના કામે દલીલ કરી, અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નહી હોવાનું મુખ્યત્વે રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઇ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, હાલની અરજીના કામે ભોગ બનનાર હાજર રહેલ છે અને આરોપીએ વારંવાર ફોટા પાડી શરીર સંબંધ બાંધી, પાડેલ ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપતો હોય તેથી તેને છોડવા સામે વાંધો હોવાનું જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેના પરિવારના સભ્યો તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરવા પ્રયત્ન કરે તેવી શકયતાઓ હોવાની કરવામાં આવેલ દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે અને અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેની સદર ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબીત થાય તેમ છે. તેમજ વર્તમાન સમયમાં સમાજમાં દિનપ્રતિદિન આ પ્રકારના બનાવો વધતાં જતા હોય, આ પ્રકારના ગંભીર ગુન્હામાં જો આ કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની અવળી અસર પડે તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુન્હાની હકીકતો તથા સંજોગો તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ હાલના તબકકે

અરજદાર/આરોપીની તરફેણમાં કરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૩'મી માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૩/૦૪/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693